ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો–ઓ બેંક લી.		
હેડ ઓફીસ, ગાંધીબ્રીજ કોર્નર , ઈન્કમટેક્ષ ઓફિસ સામે, આશ્રમ રોડ, અમદાવાદ– ૩૮૦ ૦૧૪.		
જાહેર નિવીદા : નંબર – ૪૮ (૨૦૨૬–૨૦૨૭) તા.૧૩–૧૦–૨૦૨૬		
૧	કામનું નામ	ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો–ઓ બેંક લી. માલિકીની ફર્સ્ટ ફલોર, યુનીટી કોર્મશીયલ સેન્ટર, કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સામે, નરોડા, અમદાવાદ ખાતે આવેલ બેંકની સ્થાવર મકાન/મિલકત ફાઈનલ પ્લોટ નંબર: ૨૧૭, ટી.પી નં.૨૯ ગ્રાઉન્ડ ફલોર એરીયા : ૧૭૭.૨૩ ચો.મીં બેઝમેન્ટ ફલોર એરીયા : ૮૮.૨૯ ચો.મી કુલ ફલોર એરીયા : ૨૬૫.૫૨ ચો.મી
૨	ભાવપત્રકનાં દસ્તાવેજોનું ડાઉનલોડીગ,સબમીશન તથા બીડ ઓનલાઈન રજુ કરવાની તારીખ	તા.૧૩/૧૦/૨૦૨૬ થી તા.૨૭/૧૦/૨૦૨૬ સાંજનાં ૫:૦૦ કલાક સુધી
૩	ટેકનીકલ બીડ ઓનલાઈન ખોલવાની તારીખ અને સમય	તા.૦૨/૧૧/૨૦૨૬ સવારે ૧૧:૦૦ કલાકે
૪	પ્રાઈઝ બીડ ઓનલાઈન ખોલવાની તારીખ અને સમય	તા.૦૫/૧૧/૨૦૨૬ બપોરે ૦૩:૩૦ કલાકે
૫	ઓનલાઈન ઈ–ઓકશનની તારીખ અને સમય	બીડરશ્રીને ઈમેઈલથી તારીખ અને સમયની જાણ કરવામાં આવશે.
૬	અપસેટ પ્રાઈઝ (રૂા.)	રૂા. ૧,૮૯,૦૦,૦૦૦/–
૭	ટેન્ડર ફી ની રકમ (રૂા.)	રૂા. ૧૫,૦૦૦/– + ૧૮ % જી.એસ.ટી (૧૫૦૦૦ + ૨૭૦૦ = ૧૭,૭૦૦ ની રકમ નીચે જણાવેલ બેંક ખાતામાં ટેન્ડર જમા કરાવવાની અંતિમ તારીખ અને સમય સુધીમાં અથવા તે પહેલા જમા કરાવવાની રહેશે. રસીદની સ્કેન કરેલી રકમ બિડ સાથે n-procure સાઈટ ઉપર અપલોડ કરવાની રહેશે. ટેન્ડર ફી વગરની બિડ રદ કરવામાં આવશે. **Bank: The Ahmedabad District Co-Operative Bank Ltd.** **Account Name: Sundry Creditors A/c** **Account No:95092005551** **IFSC: GSCB0ADC001**
૮	અર્નેસ્ટમની ડીપોઝીટ (ઈ.એમ.ડી) ની રકમ (રૂા.)	રૂા. ૯,૪૫,૦૦૦/– ની રકમ નીચે જણાવેલ બેંક ખાતામાં ટેન્ડર જમા કરાવવાની અંતિમ તારીખ અને સમય સુધીમાં અથવા તે પહેલા જમા કરાવવાની રહેશે. રસીદની સ્કેન કરેલી રકમ બિડ (bid) સાથે n-procure સાઈટ ઉપર અપલોડ કરવાની રહેશે. ટેન્ડર EMD વગરની બિડ રદ કરવામાં આવશે. **Bank: The Ahmedabad District Co-Operative Bank Ltd.** **Account Name: Sundry Creditors A/c**

		Account No: 95092005551 **IFSC: GSCB0ADC001**
૯	**ટેન્ડર, દસ્તાવેજ ડાઉનલોડ કરવા બાબત**	બીડરશ્રીએ https://tender.nprocure.com ની વેબસાઈટ પર ઓનલાઈન ટેન્ડર ભરવાનાં છે. આ કામની વિગતવાર માહિતી https://tender.nprocure.com તેમજ બેંકની વેબસાઈટ www.theadc.bank.in ઉપર જોઈ શકાશે.
૧૦	**કામગીરીનો સમયગાળો**	અંદાજીત ૩ માસ
૧૧	**પ્રમાણિત માન્ય દસ્તાવેજો સ્કેન કરીને ઓનલાઈન અપલોડ કરવાનાં રહેશે. સાથે હાર્ડકોપી (ફીઝીકલ) પણ મોકલવાની રહેશે.**	એનેક્ષર–એ માં દર્શાવેલ તમામ ડોકયુમેન્ટ ઉપર સહી–સિકકા કરીને સ્કેન કરીને ઓનલાઈન અપલોડ કરવાનાં રહેશે. તથા તે તમામ ડોકયુમેન્ટની હાર્ડકોપી (ફીઝીકલ) નિયત તારીખ : ૩૦/૧૦/૨૦૨૬, સાંજનાં ૫–૦૦ કલાક સુધીમાં રજી. એ.ડી પોસ્ટ/ સ્પીડ પોસ્ટથી બેંકની હેડ ઓફીસનાં સરનામે પહોંચતા કરવાનાં રહેશે.
૧૨	**ટેન્ડર ખોલવાની સત્તા**	બેંક ધ્વારા રચવામાં આવેલ બિડ મુલ્યાંકન સમિતિ (Bid Evaluation Committee) ધ્વારા બિડનું મુલ્યાંકન કરવામાં આવશે. બિડ મુલ્યાંકન સમિતિ નાં સભ્યો વચ્ચે કોઈ વિવાદનાં કિસ્સામાં ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો–ઓ બેંક લી. નાં ચીફ એકિઝકયુટીવ ઓફીસર નો નિર્ણય અંતિમ અને તમામ માટે બંધનકર્તા રહેશે.

<u>**ઓનલાઈન ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશનની શરતો**</u>

(૧) સદર મિલકતનાં વેચાણ માટેની પ્રક્રિયા ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશનથી ઓનલાઈન જ કરવામાં આવશે.

(૨) કામનું નામ :– **ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો–ઓ બેંક લી. માલિકીની ફર્સ્ટ ફલોર, યુનીટી કોર્મશીયલ સેન્ટર, કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સામે, નરોડા, અમદાવાદ ખાતે આવેલ બેંકની સ્થાવર મકાન/મિલકત વેચાણ માટે**
સીટી સર્વે નંબરઃ ૯૬ અને ૯૭
બાંધકામ એરીયા કુલ : ફર્સ્ટ ફલોર– ૧૬૬૭ ચો.ફુટ (સીડી સહીત)
જમીન એરીયા કુલ : સ્કીમ મુજબ પ્લોટ એરીયા ૧૮૮૦.૩૧ ચો.ફુટ માંથી વરાડે પડતો હિસ્સો ૪૭૦.૧૦ ચો.ફુટ

(૩) બેંકની વેચાણ આપવાની સદર મિલકતનાં નિરીક્ષણ માટે રસ ધરાવનાર પાર્ટીએ નરોડા શાખા મેનેજરશ્રીનો મોબાઈલ નંબરઃ ૬૩૫૯૬૧૧૪૭૯ પર અગાઉથી સંપર્ક કરીને જાહેર રજાનાં દિવસ સિવાય સવારે ૧૧–૦૦ કલાક થી સાંજનાં ૩–૦૦ કલાક સુધીમાં સદર મિલકત જોઈ શકાશે.

(૪) સમય મર્યાદા :– ટેન્ડર બહાર પાડયા તારીખથી ૩ માસ.

(૫) સદર મિલકત (બેંકનું બિલ્ડીંગ) " જેમ છે, તે સ્થિતિમાં (As is, Where is) ભાડુઆતો સાથેની વેચાણથી આપવામાં આવશે.

(૬) અપસેટ પ્રાઈઝ કરતા વધુ રકમથી ટેન્ડનાં ભાવ ભરવાનાં રહેશે. અપસેટ પ્રાઈઝ કરતા ઓછી રકમનાં ભાવ ભરીને ટેન્ડરભરી શકશે નહી. અપસેટ પ્રાઈઝ કરતા ઓછી રકમનાં ભરેલ ભાવનાં ટેન્ડર અમાન્ય ગણીને રદ કરવામાં આવશે.

(૭) સદર મિલકતનો, મિલકત ખરીદનારને વેચાણનો દસ્તાવેજ કરી આપવામાં આવશે. જે અંગેનાં દસ્તાવેજ ખર્ચ તથા સંલગ્ન અન્ય તમામ ખર્ચા તથા ચુકવવાપાત્ર વૈધાનિક જવાબદારીઓ ખરીદનારે ચુકવવાનાં રહેશે.

(૮) ઓનલાઈન ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશનમાં સામેલ થવા માટે ટેન્ડર ફી રકમ રૂા. ૧૫૦૦૦ + ૨૭૦૦ (જી.એસ.ટી) = ૧૭,૭૦૦ ની રકમ નીચે જણાવેલ બેંક ખાતામાં ટેન્ડર જમા કરાવવાની અંતિમ તારીખ અને સમય સુધીમાં અથવા તે પહેલા જમા કરાવવાની રહેશે. રસીદની સ્કેન કરેલી રકમ બિડ સાથે n-procure સાઈટ ઉપર અપલોડ કરવાની રહેશે. ટેન્ડર ફી વગરની બિડ રદ કરવામાં આવશે.
Bank: The Ahmedabad District Co-Operative Bank Ltd.
Account Name: Sundry Creditors A/c
Account No:95092005551
IFSC: GSCB0ADC001

(૯) ઓનલાઈન ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશનમાં સામેલ થવા માટે ટેન્ડર માટેની અર્નેસ્ટમની ડીપોઝીટ (ઈ.એમ.ડી) ની રૂા. ૯,૪૫,૦૦૦/– ની રકમ નીચે જણાવેલ બેંક ખાતામાં ટેન્ડર જમા કરાવવાની અંતિમ તારીખ અને સમય સુધીમાં અથવા તે પહેલા જમા કરાવવાની રહેશે. રસીદની સ્કેન કરેલી રકમ બિડ સાથે n-procure સાઈટ ઉપર અપલોડ કરવાની રહેશે. ટેન્ડર EMD વગરની બિડ રદ કરવામાં આવશે.
Bank: The Ahmedabad District Co-Operative Bank Ltd.
Account Name: Sundry Creditors A/c
Account No: 95092005551
IFSC: GSCB0ADC001

(૧૦) ટેન્ડર ફી ની રકમ તથા ઈ.એમ.ડી. ની અર્નેસ્ટમની ડીપોઝીટ (ઈ.એમ.ડી) ની રકમ અંગે કોઈપણ પ્રકારનાં એકઝમ્પશન સર્ટીફીકેટ માન્ય ગણવામાં આવશે નહી. શરતી ટેન્ડર માન્ય ગણવામાં આવશે નહી.

(૧૧) ટેન્ડર ફી ની રકમ રૂા. ૧૫,૦૦૦/– + ૧૮ % જી.એસ.ટી નોન રીફંડેબલ છે.

(૧૨) બીડરશ્રીએ એનેક્ષર–એ માં જણાવેલ તમામ ડોકયુમેન્ટમાં સહી સીકકા કરીને સ્કેન કરીને ઓનલાઈન સબમીટ

કરવાનાં રહેશે. તેમજ તે તમામ ડોકયુમેન્ટની હાર્ડકોપી (ફીઝીકલ), ટેન્ડર ફીની રકમ અને ઈ.એમ.ડી ની રકમની રસીદની કોપી સીલબંધ કવરમાં નીચે મુજબનાં સરનામે, **સીલબંધ કવર ઉપર–જાહેર નિવિદા નંબર : ૪૮ (૨૦૨૬–૨૭)** અન્વયે લખીને **તા.૩૦/૧૦/૨૦૨૬ નાં સાંજનાં ૫–૦૦ કલાક સુધીમાં** રજી.એ.ડી.પોસ્ટ / સ્પીડ પોસ્ટથી જ પહોંચતા કરવાનાં રહેશે. જો સીલબંધ કવરમાં મંગાવવામાં આવેલ ડોકયુમેન્ટ પુરતા હશે નહી તો તેઓનાં ઈ–ટેન્ડર અમાન્ય ગણીને ખોલવામાં આવશે નહી અને તેઓનું ટેન્ડર રદ કરવામાં આવશે.

Address for Document Submission

To,
Chief Executive Officer,
The Ahmedabad District Co-Operative Bank Ltd.,
Estate Department, Near Gandhi Bridge, Opp. Income Tax Office,
Ashram Road, Ahmedabad – 380 014.

(૧૩) ઓનલાઈન ઈ–ઓકશનમાં, આવેલ ઈ–ટેન્ડર પૈકી સૌથી વધુ રકમનું જે ટેન્ડર હશે તેનાંથી વધારે રકમથી ઈ–ઓકશનમાં ભાગ લઈ શકાશે. ઈ–ઓકશનમાં minimum increment (બોલી) રૂા.૫,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ લાખ) અને તેનાં ગુણાંકમાં જ રહેશે. **ઓનલાઈન ઈ–ઓકશનની તારીખ અને સમય બીડરશ્રીને ઈમેઈલ થી જાણ કરવામાં આવશે.** ઈ–ઓકશન માં છેલ્લી પાંચ મીનીટમાં જો કોઈ બીડ (બોલી) આવશે તો ઈ–ઓકશન નો સમય પાંચ મીનીટ માટે વધશે, અને જયાં સુધી બીડ (બોલી) આવશે ત્યાં સુધી આજ રીતે ઈ–ઓકશન નો સમય પાંચ મીનીટ માટે વધતો રહેશે.

(૧૪) ટેન્ડરની પ્રક્રિયા પુર્ણ થતા જેમની ઓફર નામંજુર થયેલ છે તેઓને અંદાજીત દિવસ–૩૦ માં અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી) ની રકમ તમારા એકાઉન્ટમાં NEFT/RTGS થી પરત કરવામાં આવશે. બીડરશ્રી ધ્વારા આપવામાં આવેલ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી) ની રકમ ઉપર સદર બેંક ધ્વારા કોઈ વ્યાજ આપવામાં આવશે નહી.

(૧૫) ઓનલાઈન ઈ–ઓકશન પ્રક્રિયા પુર્ણ થયા બાદ બેંકની મિલકતનાં નિકાલ માટેની બિડ મુલ્યાંકન સમિતિ (Bid Evaluation Committee) ધ્વારા જે બીડરશ્રીનું ટેન્ડર મંજુર થાય તે બીડરશ્રીને ટેન્ડર મંજુર થયાની લેખિત પત્રથી જાણ કરવામાં આવશે.

(૧૬) જેઓનું ટેન્ડર મંજુર થાય તેઓએ ટેન્ડર મંજુર થયાની લેખિતપત્ર ધ્વારા જાણકારી મળ્યાનાં દિવસ–૧૫ માં ટેન્ડરની મંજુર કિંમતની પુરેપુરી રકમ NEFT/RTGS થી બેંકને ચુકવી આપવાની રહેશે. જો નિયત સમયમર્યાદામાં પુરેપુરી રકમ બેંકને ચુકવી આપવામાં નહી આવે તો બીડરશ્રીએ ભરેલ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.)ની રકમ બેંક ધ્વારા ફોરફીટ (જપ્ત) કરવામાં આવશે અને બેંક ધ્વારા પરત ચૂકવવામાં આવશે નહી. તેમજ બીડર ધ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજો પૈકી જો કોઈ દસ્તાવેજ બનાવટી પુરવાર થશે તો બીડરશ્રીએ ભરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) ની રકમ બેંક ધ્વારા ફોરફીટ (જપ્ત) કરવામાં આવશે અને બેંક ધ્વારા પરત ચૂકવવામાં આવશે નહી.

(૧૭) બેંકની મિલકતનાં વેચાણ માટેની બિડ મુલ્યાંકન સમિતિ (Bid Evaluation Committee) ને કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય કોઈપણ ઓફર મંજુર કે નામંજુર કરવાનાં અબાધીત હકક રહેશે. આ કમીટીનો નિર્ણય આખરી રહેશે અને તે સર્વેને બંધનકર્તા રહેશે. કોઈપણ બીડરશ્રીને જાણ કર્યા સિવાય તથા કારણ દર્શાવ્યા સિવાય ટેન્ડર રદ કરવાની સત્તા બેંકનાં ચીફ એકિઝકયુટીવ ઓફીસર ની રહેશે.

(૧૮) બીડરશ્રીએ ઓનલાઈન ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશનમાં ભાગ લેતા પહેલા આ કામગીરીનો સંપૂર્ણ અભ્યાસ કરવો હિતાવહ છે. આ કામગીરી કરતા ઉદભવતા જોખમો, આડખીલીઓ વિગેરે જે કામગીરીમાં અડચણરૂપ બની શકે તેમ હોય તેવા પરિબળોનો પણ બીડરશ્રીએ પોતાની રીતે અભ્યાસ કરવાનો રહેશે. બીડરશ્રીને ઈ–ટેન્ડર કમ ઓકશન અંગેની પુરતી જાણકારી છે તેમ માની લેવામાં આવશે. આ કામગીરીની કોઈ અણસમજણ કે અન્ય બાબતો માટે સદરહુ બેંક બીડરશ્રીએ ને કોઈપણ જાતનું નુકશાન કે વધારાનું ખર્ચ આપવા બંધાયેલ નથી. બીડરશ્રીએ આ કામગીરી પૂર્ણ કરવા માટે જોઈતી બધીજ સગવડ પોતાની રીતે ઉપલબ્ધ કરવાની રહેશે.

(૧૯) બીડરશ્રી ધ્વારા ઓનલાઈન ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશનમાં ભાગ લેવાથી એમ માનવામાં આવશે કે બીડરશ્રીએ ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશન અન્વયેનાં ડોકયુમેન્ટ, સદર મિલકત સંબંધિત તમામ વિગતો અને અન્ય જરૂરી તમામ વિગતોનાં સાહિત્યનો પુરતો અભ્યાસ કરેલ છે. આ અન્વયે કરવાની થતી કામગીરીનો પ્રકાર સમજીને ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશનની પ્રક્રિયામાં ભાગ લીધેલ છે તથા બીડરશ્રી સ્થાનિક પરિસ્થિતિથી સંપૂર્ણ અવગત છે તેમ માનવામાં આવશે.

(૨૦) અપુરતી માહિતીવાળા કે માગ્યા મુજબનાં દસ્તાવેજ સ્કેન કરીને જોડેલ હશે નહી તો તેવા ઈ–ટેન્ડરો ખોલવા કે નહી તેમજ તેઓશ્રીને ઈ–ઓકશન પ્રક્રિયામાં પાર્ટીસીપેટ થવા કે નહી તે અંગેનો નિર્ણય લેવાની સંપૂર્ણ સત્તા બેંકની બિડ મુલ્યાંકન સમિતિ (Bid Evaluation Committee) ની રહેશે. આ બાબતે બીડરશ્રી ધ્વારા કોઈપણ જાતનો વાંધો, વિવાદ કે તકરાર કરી શકાશે નહી.

(૨૧) સદર જાહેર નિવિદા નંબરઃ ૪૮(૨૦૨૬–૨૭) માં કોઈપણ ફેરફાર કરવો યોગ્ય જણાય તો તે કરી તેનું કોરીજેન્ડમ બેંકની વેબ સાઈટ www.theadc.bank.in ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે. તે માટે બીડરશ્રીએ સદર બેંકની વેબસાઈટની વારંવાર મુલાકાત લઈને તપાસ કરતા રહેવાની રહેશે. પાછળથી કોઈપણ પ્રકારનાં વાંધા, વિવાદ કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહી.

(૨૨) આ અંગે સરકારશ્રીનાં વખતો વખતનાં નિયમો ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશન ભરનારને બંધનકર્તા રહેશે.

(૨૩) કોઈ પણ પ્રકારની માહીતી માટે એસ્ટેટ વિભાગમાં estate@theadc.bank.in પર ઈમેઈલ કરશો. અથવા મો.નં–૯૪૦૯૬૯૮૪૯૫ પર સંપર્ક કરશો.

(૨૪) ન્યાયીક કાર્યક્ષેત્ર અમદાવાદ મુકામે રહેશે.

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર જણાવેલ શરતો નંબરઃ ૧ થી ૨૪ સુધીની અમોએ સંપૂર્ણ વાંચી અને સમજી પણ છે. જે અમોને કબુલ મંજુરનું કામ કરવા હું/ અમો બંધાઈએ છીએ.

સહી સિકકા :

બીડરશ્રીનું પુરૂ નામઃ

તારીખઃ

સ્થળઃ

નીચે જણાવેલ માહીતી બીડરશ્રીએ પોતાનાં "લેટરપેડ/સેલ્ફ અટેચસ્ટેડ" ઉપર ભરીને તમામ ડોકયુમેન્ટમાં સહી સિકકા કરીને સ્કેન કરીને ઓનલાઈન સબમીટ કરવાનાં રહેશે તેમજ તેની હાર્ડકોપી (ફીઝીકલ) બેંકની હેડઓફીસનાં સરનામે મોકલી આપવાનાં રહેશે.

એનેક્ષર– એ

અનું. નં	વિગત
૧.	નામ
૨. (એ)	ઓફીસનું સરનામુ
(બી)	મોબાઈલ નંબર
(સી)	ઈ–મેઈલ એડ્રેસ
(ડી)	PAN નંબર (નકલ જોડવી)
(ઇ)	આધાર નંબર (નકલ જોડવી)
(એફ)	જી.એસ.ટી નંબર (જો હોય તો) સર્ટીફીકેટની નકલ
૩.	ઘરનું સરનામુ
૪.	ધંધાનો પ્રકાર :–
(એ)	પ્રોપાઈટરશીપ (પ્રમાણિત પુરાવા જોડવા)
(બી)	ભાગીદારી પેઢી (પ્રમાણિત પુરાવા જોડવા)
(સી)	પ્રાઈવેટ લી. કંપની (પ્રમાણિત પુરાવા જોડવા)
(ડી)	પબ્લીક લી. કંપની (પ્રમાણિત પુરાવા જોડવા)
(ઇ)	કો. ઓપ. સંસ્થા (પ્રમાણિત પુરાવા જોડવા)
(એફ)	અન્ય (પ્રમાણિત પુરાવા જોડવા)
૫.	ધંધાનું જે જગ્યાએ રજીસ્ટ્રેશન થયેલ હોય તેની વિગત (પુરાવા પ્રમાણિત નકલ સાથે રજુ કરવા)
૬.	જે નામથી ટેન્ડર ભરેલ હોય તેઓનાં પાનકાર્ડની નકલ
૭.	છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષની ઓડીટ બેલેન્સ શીટની નકલ (વર્ષ–૨૦૨૩–૨૦૨૪ , વર્ષ–૨૦૨૪–૨૦૨૫, વર્ષ–૨૦૨૫–૨૦૨૬) અને સહી/સ્ટેમ્પ સાથેનું સી.એ પ્રમાણપત્ર જોડાયેલ હોવુ આવશ્યક છે.
૮.	કોઈપણ નાણાંકીય સંસ્થા,બેંક કે અન્ય કોઈપણ સાથે નાણાંકીય બાબતે ફોજદારી કે સીવીલ કેસ થયેલ નથી તે મતલબનું રૂ.૩૦૦/– નાં સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝડ સોગંદનામુ.
૯.	User ID for e-auction portal (https://e-auction.nprocure.com)
૧૦.	ટેન્ડરની શરતો ડાઉનલોડ કરી દરેક પેઈઝ ઉપર સહી સિકકા કરવા.
૧૧.	ટેન્ડર ફીની રકમ જમા કરાવ્યાની રસીદ (નકલ જોડવી)
૧૨.	ઈ.એમ.ડી ની રકમ જમા કરાવ્યાની રસીદ (નકલ જોડવી)

બેંકની મિલકતનાં નિકાલ માટેની **બિડ મુલ્યાંકન સમિતિ (Bid Evaluation Committee)** ધ્વારા ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો–ઓ બેંક લી. ની માલિકીની ફર્સ્ટ ફલોર, યુનીટી કોર્મશીયલ સેન્ટર, કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સામે, નરોડા, અમદાવાદ ખાતે આવેલ નરોડા શાખાની સ્થાવર મકાન/મિલકતનું ઓનલાઈન ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશન પ્રક્રિયાથી વેચાણ કરવાનું આયોજન કરેલ છે. આ માટે સદર મિલકતની ખરીદીમાં રસ ધરાવતા બીડર પાસેથી ઓનલાઈન ઈ–ટેન્ડરીંગ પધ્ધતિથી ઈ–ટેન્ડર (ઓફર) મંગાવવામાં આવે છે. ઓનલાઈન ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશનની વિગત https://tender.nprocure.com તેમજ બેંકની www.theadc.bank.in વેબસાઈટ ઉપરથી ઉપલબ્ધ થશે. આ કામ માટેની ટેન્ડરની શરતો નીચે દર્શાવ્યા મુજબની રહેશે.

એનેક્ષર–બી

અનુ.નં	વિગત	ભાવ રકમ રૂા.	ભાવ રકમ રૂા. શબ્દો માં
1	2	3	4
૧	**ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો–ઓ બેંક લી. માલિકીની ફર્સ્ટ ફલોર, યુનીટી કોર્મશીયલ સેન્ટર, કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સામે, નરોડા, અમદાવાદ ખાતે આવેલ બેંકની સ્થાવર મકાન/મિલકતનાં વેચાણ માટે :** **સીટી સર્વે નંબરઃ ૯૬ અને ૯૭** **બાંધકામ કારપેટ એરીયા કુલ : ફર્સ્ટ ફલોર– ૧૬૬૭ ચો.ફુટ (સીડી સહીત)** **જમીન એરીયા કુલ : સ્કીમ મુજબ પ્લોટ એરીયા ૧૮૮૦.૩૧ ચો.ફુટ માંથી વરાડે પડતો હિસ્સો ૪૭૦.૧૦ ચો.ફુટ**		
	કુલ		

નોંધ :

(૧) બીડરશ્રીએ એનેક્ષર– બી ફકત ઓનલાઈન જ ભરવાનું છે. ફીઝીકલ ભરેલ એનેક્ષર –બી માન્ય રહેશે નહી તેમજ ફીઝીકલ ભરેલ એનેક્ષર–બી રદ થશે અને ધ્યાને લેવાશે નહી.

(૨) બીડરશ્રીએ અપસેટ પ્રાઈઝ કરતા વધારે ભાવ ભરવાનાં રહેશે. અપસેટ પ્રાઈઝ કરતા ઓછી રકમનાં ભરેલ ભાવ માન્ય ગણાશે નહી.